પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૭૦ | ૨૧ મે, ૨૦૧૯, મંગળવાર; વૈશાખ વદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

## ન્યુઝ ટ્રેક

### હરિયાણામાં નકલી સિક્કાની ફેક્ટરી પકડાઈ

હરિયાણાના બહાદુરગઢ વિસ્તારમાં પાંચ રૂપિયાના નકલી સિક્કા બનાવતી ફેક્ટરી પકડાઈ છે. આ મામલે એક મહિલા સહિત ચાર વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી છે. ૩૦ કરોડના નકલી સિક્કા અહીંથી માર્કેટમાં મુકાયા હોવાનો અંદાજ છે.

### અમિત શાહ એનડીએના નેતાઓને ડીનર કરાવશે

૨૩મે ના રોજ લોકસભા ચૂંટણી પરિણામો પહેલા ભાજપ અધ્યક્ષ અમિત શાહ મંગળવારે દિલ્હીમાં એનડીએ દળોના નેતાઓને રાત્રિ ભોજન કરાવશે. ૧૦માંથી ૯ એક્ઝિટ પોલ્સમાં એનડીએનો સ્પષ્ટ બહુમતી મળવાનુ અનુમાન કરવામાં આવ્યા બાદ આ ડીનરનું આયોજન કરાયુ છે.

### પ્રજ્ઞા ઠાકુરનુ ૨૧ પ્રહરનુ મૌન

ભોપાલ સંસદીય સીટથી ભાજપના ઉમેદવાર પ્રજ્ઞા ઠાકુરે ચૂંટણીપ્રચાર દરમ્યાન કરેલા નિવેદનો બદલ માફી માંગી છે. તેમણે ટ્વીટ કરી કહ્યુ છે કે તેઓ સમગ્ર દેશભક્તોની માફી માંગે છે અને તેઓ પ્રાયશ્ચિતના હેતુથી ૨૧ પ્રહરના મૌનની કઠોર તપસ્યા કરશે.

### વિશ્વકપ માટે પાક. ટીમની જાહેરાત

પાકિસ્તાન ક્રિકેટ કંટ્રોલ બોર્ડે આઈસીસી વર્લ્ડકપ ૨૦૧૯ માટે પોતાની ટીમની જાહેરાત કરી દીધી છે. આ ટીમના કેપ્ટન સફરાઝ અહેમદ રહેશે.

# સેંસેક્સમાં ૧૪૨૨ પોઈન્ટનો ઐતિહાસિક ઉછાળો

**એક્ઝિટ પોલના તારણ બાદ શેરબજારમાં જોરદાર તેજીનો માહોલ : એનડીએ સરકારની સત્તામાં બહુમતિ સાથે વાપસીના એક્ઝિટ પોલના તારણ બાદ કારોબારીમાં ખુશીનુ મોજુ ફેલાયુ : મોટા ભાગના શહેરોમાં બંપર લેવાલી : રોકાણકારોના ગજવામાં ૧ મીનીટમાં રૂ. ૩.૨૦ લાખ કરોડ ઉમેરાયા, આઈસીઆઈસીઆઈ બેંક સહિત ૪૦ શેર બીએસઈ પર પર સપ્તાહના ઉચ્ચા સ્તર પર પહોંચ્યા : સેન્સેક્સ ૧૪૨૨ અંક વધી ૩૯૩૫૨ અને નિફ્ટી ૪૨૧ અંકના વિક્રમી ઉછાળા સાથે ૧૧૮૨૮ પર બંધ, નિફ્ટીમાં આ ઉછાળો ૨૦૧૬ પછી આવ્યો, શેરબજાર હજુ ૨ થી ૩ દિવસ વધવાની શકયતા**



મુંબઈ, તા. ૨૦

શેરબજારમાં આજે જોરદાર તેજીનુ મોજુ ફરી વળ્યુ હતુ. દિવસ દરમિયાન જોરદાર તેજી રહ્યા બાદ સેંસેક્સ આજે ૧૪૨૨ પોઈન્ટ ઉછળીને રેકોર્ડ ૩૯૩૫૨ની ઉચી સપાટીએ રહ્યો હતો. એસબીઆઈ, યશ બેંક, લાર્સન અને ટુબ્રોના શેરમાં સૌથી વધારે ઉછાળો નોધાયો હતો. જ્યારે ઈન્ફોસીસ અને બજાજના શેરમાં સૌથી વધુ ઘટાડો નોધાયો હતો. આજે શેરબજારમાં કારોબાર દરમિયાન લેવાલી જામી હતી. મોટા ભાગના શેર તેજીમાં રહ્યાહતા. એક્ઝિટ પોલના તારણ આવ્યા બાદ તેની સીધી અસર બજાર ઉપર જોવા મળી હતી. શેરબજારમાં કારોબારીઓ ઝુમી ઉઠ્યા હતા. દિવસ દરમિયાન જોરદાર લેવાલીનો માહોલ રહ્યો હતો. બીએસઈમાં દસ વર્ષના નવા રેકોર્ડ જોવા મળ્યા હતા. બીજી બાજુ નિફ્ટીમાં પણ ૪૨૧ પોઈન્ટનો ઉછાળો નોધાયો હતો. જેથી તેની સપાટી ૧૧૮૨૮ નોધાઈ હતી. આજે કારોબાર દરમિયાન તમામ સેકટરલ ઈન્ડેક્સમાં તેજી જામી હતી. નિફ્ટી પીએસયુ બેંક ઈન્ડેક્સમાં સૌથી વધુ ૭.૯ ટકાનો ઉછાળો રહ્યો હતો. જ્યારે બાકીના શેરમાં ૦.૬થી લઈને ૫.૭ ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો. બ્રોડર માર્કેટમાં મિડકેપ ઈન્ડેકસનમાં ૪૯૩ પોઈન્ટનો ઉછાળો રહેતા તેની સપાટી ૧૪૮૧૯ રહી હતી. જ્યારે સ્મોલકેપ ઈન્ડેકસમાં ૩.૬ ટકાનો અથવા તો ૪૯૩ પોઈન્ટનો ઉછાળો રહેતા તેની સપાટી ૧૪૩૮૧ જોવા મળી હતી. અદાણી ગ્રુપ કંપનીના શેરમાં ૧૭ ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો. કારોબાર દરમિયાન તમામ શેરમાં તેજી રહી હતી.

● અનુસંધાન પાન-૭ પર

## ડૉલરના મુકાબલે રૂપિયો હાઈરેટે ૬૯.૪૩ રૂપિયા પ્રતિ ડૉલર

ન્યુ દિલ્હી,તા.૨૦

ડોલરના મુકાબલે રૂપિયામાં સોમવારે જોરદાર ઉછાળ્યો આવ્યો. રૂપિયો ૭૩ પૈસાની મજબૂતી સાથે ૬૯.૪૯ રૂપિયા પ્રતિ ડોલર પર ખુલ્યા બાદ ૬૯.૪૩ રૂપિયા પ્રતિ ડોલર પર યથાવત રહ્યો, જ્યારે શરૂઆતી કારોબાર દરમિયાન રૂપિયો ગત સત્રના મુકાબલે ૮૬ પૈસાની બઢત સાથે ૬૯.૩૬ રૂપિયા પ્રતિ ડોલર સુધી ઉછળ્યો. ગત સત્રમાં રૂપિયો ડોલરના મુકાબલે ૭૦.૨૨ રૂપિયા પ્રતિ ડોલર પર બંધ થયો હતો.

## મમતા-અખિલેશ યાદવની વચ્ચે લાંબી વાતચીત થઈ

કોલકાતા,તા.૨૦

લોકસભા ચૂંટણી માટે મતદાનની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ એક બાજુ એક્ઝિટ પોલના તારણો જારી કરવામાં આવી ચુક્યા છે. જેમાં મોટા ભાગે એનડીએ સરકારની વાપસીના સંકેત દેખાઈ રહ્યા છે. બીજી બાજુ પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ દાવા કર્યો છે કે, ઉત્તર પ્રદેશમાં સમાજવાદી પાર્ટી અને બહુજન સમાજ પાર્ટીના ગઠબંધનને ૫૦થી પણ વધારે સીટો મળશે. વિપક્ષી દળોની સાથે ગઠબંધન બેસાડવાના પ્રયાસ કરી રહેલા મમતા બેનર્જીએ કહ્યું છે કે, તેમની અખિલેશ યાદવ સાથે વાતચીત થઈ ચુકી છે. અખિલેશ યાદવે ખાતરી આપી છે કે, તેમની ૫૦થી વધારે સીટો આવી શકે છે. મમતા બેનર્જી અને આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુ વચ્ચે પણ બેઠક યોજાઈ હતી. મોટા ભાગના એક્ઝિટ પોલમાં ઉત્તર પ્રદેશના મહાગઠબંધનના પ્રયોગને નિષ્ફળતા મળી રહી છે.

# કમલનાથ સરકાર સંકટમાં

**ખાસ સત્ર બોલાવવા માંગ : એક્ઝિટ પોલ બાદ મધ્યપ્રદેશમાં રાજકીય હલચલ વધારે તીવ્ર : મધ્યપ્રદેશના રાજ્યપાલ આનંદીબેન પટેલને પત્ર લખીને વિધાનસભા માટેનુ ખાસ સત્ર બોલવવા માટેની ભાજપની માંગણી : ભાજપના આક્ષેપોને રદિયો**

ભોપાલ, તા. ૨૦

એક્ઝિટ પોલના તારણ સપાટી પર આવ્યા બાદ મધ્યપ્રદેશમાં રાજકીય ગતિવિધી વધારે તીવ્ર બની ગઈ છે. હવે ભારતીય જનતા પાર્ટીએ મુખ્યપ્રધાન કમલનાથના નેતૃત્વમાં કોંગ્રેસ સરકાર લઘુમતિમાં હોવાનો દાવો કર્યો છે. સાથે સાથે ભાજપે રાજ્યના મુખ્યપ્રધાન આંનંદીબેન પટેલને પત્ર લખીને વિધાનસભાનુ ખાસ સત્ર બોલાવવા માટેની માંગ કરી છે. બીજી બાજુ કમલનાથે સાફ શબ્દોમાં કહ્યુ છે કે તેમની સામે કોઇ ખતરો નથી કમલનાથે ભાજપના તમામ આક્ષેપોને રદિયો આપ્યો છે. મધ્યપ્રદેશમાં વિરોધ પક્ષના નેતા ગોપાલ ભાર્ગવે દાવો કર્યો છે કે કમલનાથ સરકારનુ પતન થઈ જશે. આ સરકાર પોતાની રીતે ધરાશાયી થઈ જશે. તેમણે કહ્યુ છે કે તેઓ હોર્સટ્રેડિંગમાં વિશ્વાસ રાખતા નથી. પરંતુ હવે આનો સમય આવી ગયો છે. ટુંક સમયમાં જ મધ્યપ્રદેશમાં આ પ્રકારની પ્રવૃતિ જોવા મળી શકે છે. અમે વિધાનસભા માટેનુ ખાસ સત્ર બોલાવવાની માંગ કરી રહ્યા છીએ. રાજ્યપાલ આનંદીબેન પટેલને પત્ર લખવામાં આવ્યો છે. ભાજપના નેતા અને વિધાનસભામાં વિપક્ષના નેતા ગોપાલ ભાર્ગવે કહ્યુ છે કે તેઓ વિધાનસભા માટે સત્ર બોલાવવાની માંગણી કરી રહ્યા છે. કમલનાથ સરકારના શક્તિપરીક્ષણ માટે આ સત્ર બોલાવવાની માંગ કરી હોવાનો હાલમાં ભાર્ગવે ઈન્કાર કર્યો છે. ભાર્ગવે કહ્યુ છે કે છ મહિના મધ્યપ્રદેશમાં સરકારને થઈ ગયા છે. ૧૧મી ડિસેમ્બરના દિવસે મધ્યપ્રદેશમાં રાજ્ય વિધાનસભાની ચૂંટણી યોજાઈ હતી. રાજ્યમાં લોકો કમલનાથ સરકારથી ખુશ દેખાઈ રહ્યા નથી. લોકસભાની ચૂંટણી બાદ જે એક્ઝિટ પોલના તારણ

● અનુસંધાન પાન-૭ પર

## આખરે રાજભર યોગી કેબિનેટમાંથી હટાવાયા

**લોકસભા ચૂંટણી દરમિયાન શિસ્ત ભંગની સજા : ચૂંટણી પૂર્ણ થયા બાદ યોગી આદિત્યનાથ આક્રમક બન્યા**



લખનૌ, તા. ૨૦

ઉત્તર પ્રદેશમાં ભાજપના સાથી પક્ષ સુહેલદેવ ભારતીય સમાજ પાર્ટીના અધ્યક્ષ અને કેબિનેટ મંત્રી ઓમ પ્રકાશ રાજભરને હોદ્દા પરથી દુર કરી દેવામાં આવ્યા છે. રાજભરની કેબિનેટમાંથી હકાલપટ્ટી કરી દેવામાં આવી છે. રાજ્યપાલ રામ નાઈકે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથની ભલામણ બાદ આ અંગેનો નિર્ણય આજે કર્યો હતો. યોગી આદિત્યનાથે રાજ્યપાલ સમક્ષ રાજભરને તરત દુર કરવા માટે રજુઆત કરી હતી. તેમની ભલામણ થયા બાદ તરત જ રાજભરને દુર કરવામાં આવ્યા હતા. આ પહેલા ઓમપ્રકાશ રાજભરની પાર્ટીમાં અન્ય સભ્યોની સામે પણ કાર્યવાહી કરવામાં આવી હતી. પાર્ટીના અન્યો સભ્યો જે જુદા જુદા નિગમ અને પરિષદમાં અધ્યક્ષ અને સભ્ય તરીકે હતા. તેમને પણ દુર કરી દેવામાં આવ્યા છે. ઓમપ્રકાશ રાજભરે આ અંગે પ્રતિક્રિયા આપતા કહ્યું છેકે, તેઓ મુખ્યમંત્રીના નિર્ણયને લઈને પરેશાન નથી. ગરીબોની સાથે અન્યાય કરવામાં આવી રહ્યો છે. ઘણા લાબા સમયથી રાજભર પોતાના વિવાદાસ્પદ નિવેદનો અને હરકતોને લઈને યોગી સરકાર

● અનુસંધાન પાન-૭ પર

# ચૂંટણી પરિણામો પહેલા જ ઈવીએમ મામલે હોબાળો

**એક્ઝિટ પોલ બાદ વિરોધ પક્ષો ભારે પરેશાન : ઈવીએમ સાથે ચેડાને લઈને ફરીવાર પ્રશ્નો : નાયડુ અને મમતા બેનર્જી દ્વારા પણ ચૂંટણી પંચ સામે વિવિધ ફરિયાદ**

નવી દિલ્હી,તા. ૨૦

તમામ એક્ઝિટ પોલમાં એનડીએને પુર્ણ બહુમતિ મળવાની ભવિષ્યવાણી કરવામાં આવ્યા બાદ વિરોધ પક્ષો તરફથી ફરી એકવાર ઈવીએમને લઈને હોબાળો શરૂ કરી દેવામાં આવ્યો છે. ઈવીએમ સાથે ચેડા કરવાની આશંકા વ્યક્ત કરવામાં આવ્યા બાદ હવે એવો પ્રશ્નો કરવામાં આવી રહ્યો છે જો વીવીપેટ અને ઈવીએમમાં નોંધાયેલા મત જુદા જુદા આવે તો આવી સ્થિતિમાં શું થશે. આમ આદમી પાર્ટીના રાજ્ય સભાના સાંસદ સંજય સિંહએ મિસમેચ થવાની સ્થિતિમાં સમગ્ર ચૂંટણીને રદ કરવાની માંગ કરી છે. બીજી બાજુ આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુએ મતગણતરીની પ્રક્રિયામાં અનેક સમસ્યાઓના ઉલ્લેખ કરીને આ સમસ્યાઓને દુર કરવા માંગ કરી છે. બીજી બાજુ અન્ય વિરોધ પક્ષોએ પણ એક્ઝિટ પોલને





ઈવીએમની સાથે ચેડા હોવાની વાત કરી આક્ષેપો કર્યા છે. ચૂંટણી પંચે અનેક વખત સાફ શબ્દોમાં કહ્યું છેકે, ઈવીએમ મશીન સાથે કોઈ પણ પ્રકારે ચેડા થઈ શકે તેમ નથી. ચૂંટણી પંચ દ્વારા આવા આક્ષેપ થયા બાદ ઓપન ચેલેન્જમાં હેકૉથનનું પણ આયોજન થયું હતું. એ ગાળા દરમિયાન કોઈ પણ ગેરરીતિ સપાટીએ આવી ન હતી. પરિણામ પહેલા મુખ્ય વિરોધ પક્ષ કોંગ્રેસ પાર્ટી પણ ઈવીએમને લઈને શંકા વ્યક્ત કરી રહી છે. કોંગ્રેસના નેતા રશીદ આલવીએ કહ્યું છે કે, જો એક્ઝિટ પોલ જેવા પરિણામ આવે છે તો આનો મતલબ એ છે કે, ઈવીએમ સાથે ચેડા થઈ શકે છે. આલવીએ અહી સુધી કહ્યું હતું કે, જો આવુ થશે તો નવેમ્બર ૨૦૧૮માં છત્તીસગઢ, મધ્યપ્રદેશ અને રાજસ્થાન વિધાનસભામાં કોંગ્રેસની જીત પણ એક કાવતરાના ભાગ રૂપે હોઈ શકે છે. કોંગ્રેસ નેતાએ કહ્યું હતું કે, આનો મતલબ એ થયો કે હાલમાં યોજાયેલી ત્રણ રાજ્યોમાં વિધાનસભા ચૂંટણી દરમિયાન ઈવીએમ સાથે કોઈ ચેડા કરવામાં આવ્યા ન હતા. ઈવીએમને લઈને કોઈ પણ લોકો પ્રશ્નો ન કરી શકે. તે હેતુ સાથે એ ગાળા દરમિયાન ઈવીએમ સાથે ચેડા કરવામાં આવ્યા ન હતા. આ પહેલા કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ ટ્વિટ કરીને ચૂંટણી પંચ પર પ્રશ્નો ઉઠાવ્યા છે. ચૂંટણી પંચે મોદીની સામે શરણાગતિ સ્વીકારી લીધી છે. રાહુલ ગાંધીએ ટ્વિટ કરીને માહિતી આપી ત્યારે એક્ઝિટ પોલના તારણ

● અનુસંધાન પાન-૭ પર

## ચંદ્રબાબુ કારણ વગર પોતાની જાતને થકવી રહ્યા છે : શિવસેના

ન્યુ દિલ્હી/મુંબઈ,તા.૨૦

લોકસભા ચૂંટણીના પરિણામ પહેલાં ભાજપ વિરોધી ગઠબંધનને સક્રિય કરવા આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડૂના પ્રયત્નો પર શિવસેનાએ આકરા પ્રહાર કર્યા છે. 'સામના'ના તંત્રી લેખમાં લખ્યું છે કે, ચંદ્રબાબુ કારણ વગર પોતાની જાતને થકવી રહ્યા છે. આશા છે કે, તેમનો આ ઉત્સાહ ૨૩ મે સુધી જળવાઈ રહે. ચંદ્રબાબુએ છેલ્લા બે દિવસ (શનિ-રવી)માં દિલ્હી અને લખનઉમાં નોન એનડીએ દળના ઘણાં નેતાઓની મુલાકાત કરી હતી.

શિવસેનાના મુખપત્ર સામાનમાં લખવામાં આવ્યું છે કે, વિપક્ષમાં વડાપ્રધાન પદના ઓછામાં ઓછા પાંચ ઉમેદવાર છે. તેથી તેમનો મોહભંગ થવાની વધારે શક્યતાઓ છે. કોણ સરકાર બનાવશે? તેનો જવાબ પહેલાં જ આપી દેવામાં આવ્યો છે. અમિત શાહે પાંચમા તબક્કાના મતદાન સમયે જ કહી દીધું હતું કે, ભાજપ ૩૦૦+ સીટ જીતીને સરકાર બનાવશે. આ સંજોગોમાં ચંદ્રબાબુ કોઈ પણ કારણ વગર પોતાની જાતને થકવી રહ્યા છે. આશા છે કે, તેમનો આ ઉત્સાહ ૨૩ મે સુધી જળવાઈ રહે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

2018 માં પણ ગુજરાત રાજ્ય માં પ્રથમ સ્થાને તો આપણું કિશોર ઈન્સ્ટીટ્યૂટ જ ...
SINCE 2001 (TM)
કિશોર ક્લાસિસ
Come with Dreams... Return with success.....
Std. : 6,7,8 (બધા વિષયો)
Std. : 9,10 (NEET / JEE FOUNDATION)
11/12 (SCIENCE) (Guj. Medium) (NEET / JEE) (Main / Advanced)
NEET / JEE / ગુજ.બોર્ડ / Gujcet નો સંપૂર્ણ અભ્યાસક્રમ માત્ર અને માત્ર ટ્રસ્ટ્રીશ્રીઓ દ્વારા જ કરાવવામાં આવે છે
1st (સમગ્ર ગુજરાત)
ANUJ BAROT S.S.C. 99.99 pr
KAVYA RATHOD NEET B.J.Medical
HIREN CHAUDHARY GUJCET / JEE 118.75/120
બેચ શરૂ
ધો-૧૦ ૨૧/૦૪/૨૦૧૯ રવિવાર
ધો-૯ ૦૨/૦૬/૨૦૧૯ રવિવાર
ધો-૬ થી ૮ ૦૯/૦૬/૨૦૧૯ રવિવાર
STD-11th Admission Open
ધોરણ-૧૦ ના પરિણામ માટે વિદ્યાર્થીઓને Congratulation
Head Branch : Kishor Classes, G-1 circle.
Branch : Kishor Classes, Ch-6 Circle, Sector-22.
Mo. : 7069886002, 7069876002
એડમિશન માટે જરૂરી
• ૨ પાસપોર્ટ સાઈઝ ના ફોટા • ધો-૧૦ માર્કશીટ ની ઈન્ટરનેટ કોપી
• આધાર કાર્ડની ઝેરોક્ષ
• એડમિશન ફી
ફ્રી ટ્રાન્સપોર્ટેશન, યુનિફોર્મ, મટીરીયલ્સ